વેસ્ટર્ન એગ્રી સીડ્સના સૌજન્યથી કલાગુર્જરી દ્વારા

# શ્રી રામ સેવકદાસજીની ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજાયો




કલાગુર્જરી સંસ્થા દ્વારા વેસ્ટર્ન એગ્રી સિડ્સના સૌજન્યથી ભજન સંધ્યાનું આયોજન ૩૧મી માર્ચ ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ અને વેસ્ટર્ન એગ્રી સિડ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એન પી પટેલે જણાવ્યું છે કે ગાયન જ જેઓનું ભજન છે તેવા સુપ્રસિદ્ધ ભજનીક શ્રી રામ સેવકદાસજીની એક યાદગાર ભજન સંધ્યા 'ભજન કરે એ જીતે મનવા' શિર્ષક હેઠળ વેસ્ટર્ન બાયોટેક ફાર્મ હાઉસ, રાંધેજા ફાટક પાસે, માણસા રોડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. જે સભ્યો પોતાનાં વાહનમાં આવી શકે તેમ નહોતા તેમના માટે ટાઉનહૉલથી કાર્યક્રમના સ્થળ સુધી વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી તથા આ પ્રસંગે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# બ્રહ્માકુમારી મુખ્યાલય ખાતે સર્જાયો વર્લ્ડ રેકર્ડ




માઉન્ટ આબુમાં બ્રહ્માકુમારીના મુખ્યાલય ખાતે બ્રહ્માકુમારીના જોઈન્ટ ચીફ રાજયોગીની શ્રી રતન મોહિની દાદીજીનો ૯૫મો જન્મદિન ઉજવાયો હતો. જન્મદિન પ્રસંગે બ્રહ્માકુમારી પરિવાર અને ઉપસ્થિત મહેમાનો દ્વારા ૨૦૦૦૦ મીણબત્તીઓ પ્રગટાવીને શ્રી રતન મોહિની દાદી ના જન્મદિવસ ઉજવાયો હતો. આ પ્રસંગે વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત - રાજસ્થાનના ચેરમેન અશ્વિનભાઈ ત્રિવેદીએ બ્રહ્માકુમારી પરિવારને આ ઍવોર્ડ એનાયત કર્યો હતો. આ પ્રસંગે વીરેન્દ્ર શર્મા (સંસદસભ્ય, લંડન સંસદ), દિવાકર શુક્લ (ચેરમેન, વર્લ્ડ બુક ઓફ રેકર્ડ,લંડન ) અને સંતોષ શુક્લ( ચેરમેન, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, ઈન્ડિયા)એ ઉપસ્થિત રહી સમગ્ર બ્રહ્માકુમારી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ જ્યુરિસ્ટ લંડનમાં ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત

ગાંધીનગર, તા. ૪

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ જ્યુરિસ્ટ, લંડન, યુકે દ્વારા રક્ષાશક્તિ યુનિવર્સિટીનાં કાયદા વિભાગનાં હેડ ડૉ. ડિમ્પલ રાવલની નિયુક્તિ સંસ્થાના ટીચર્સ ડિવિઝન ઑફ નૅશનલમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કરાઈ છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ જ્યુરિસ્ટના સમગ્ર વિશ્વમાં લાખો સભ્યો છે અને કાયદાવિદો માટે આ સંસ્થા વિશ્વની સૌથી મોટી સંસ્થા મનાય છે.



રક્ષાશક્તિ યુનિવર્સિટીના કાયદા વિભાગનાં વડા ડૉ. ડિમ્પલ રાવલની તેમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિયુક્તિ થતાં સમગ્ર દેશ માટે તે ગૌરવની બાબત બની છે. સંસ્થા વિશ્વભરમાં કાનૂની પદ્ધતિ અને કાનૂની શિક્ષા, સંશોધનને પ્રમોટ કરે છે. વિશ્વના કેટલાય રાષ્ટ્રોમાં કાનૂની જાણકારી વધારવી તેમજ બદલાતા સમયમાં કાનૂનમાં પણ બદલાવ લાવવા માટે સંસ્થા કાર્ય કરે છે.

સંસ્થા દ્વારા વર્ષમાં બે વખત આંતરરાષ્ટ્રીય સૅમિનાર આયોજિત થાય છે, જે પૈકી એક ભારત દેશમાં અને બીજો સૅમિનાર યુકેમાં યોજાય છે.



સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ દ્વારા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક દિવસીય પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પીકનીકમાં વિદ્યાર્થીઓએ એક દિવસમાં રાજસ્થાનના નાથદ્વારા તથા કુંભલગઢની મુલાકાત લીધી હતી. પીકનીકની શરૂઆત સવારે નાથદ્વારાથી કરવામાં આવી હતી. નાથદ્વારામાં વિદ્યાર્થીઓએ ફ્રેશ થઈને ભગવાનનાં દર્શન કર્યાં હતાં. અને સવારનો નાસ્તો તથા બપોરનું ભોજન લીધું હતું. ત્યારબાદ નાથદ્વારાથી બપોરના સમયે કુંભલગઢ બાજુ રવાના થયા હતા. કુંભલગઢમાં વિદ્યાર્થીઓએ મહેલ તથા વિવિધ જોવાલાયક જગ્યાઓ નિહાળી હતી.

૧.૮૦થી ૨.૫૦ લાખનો ખર્ચ થશે

# કૈલાસ માનસરોવર યાત્રા માટે રજીસ્ટ્રેશનનો આરંભ કરાયો

ગાંધીનગર, તા.૪

વર્ષ-૨૦૧૯ દરમિયાન કૈલાસ માન સરોવર યાત્રાએ જવા માગતા યાત્રિકો માટે ભારત સરકારની વેબસાઈટ https://kmy.gov.in પર ઓનલાઈન અરજીઓ સ્વીકરવાનું શરૂઆત કરવામાં આવી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ મુજબ, આ યાત્રા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ એપ્રિલ નિયત કરવામાં આવી છે. આ યાત્રા જુદા જુદા બે રૂટ પરથી કરી શકાય છે. જેમાં લીપુલેખ પાસ ઉત્તરાખંડ, જેની પ્રથમ બેચ ૮ જૂન ૨૦૧૯ના રોજ અને ૧૮મી એટલે કે છેલ્લી બેચ ૧૫ ઓગસ્ટના રોજ ઉપડશે. આ રૂટ માટે કુલ ૨૪ દિવસનો સમય લાગે છે. આ રૂટ પર આશરે રૂપિયા ૧,૮૦,૦૦૦નો ખર્ચ થાય છે.

જ્યારે બીજા રૂટની વાત કરીએ તો વાયા નાથુલા પાસ સિક્કીમ થઈને જઈ શકાય છે. જેની પ્રથમ બેચ ૧૧ જૂનના રોજ અને છેલ્લી એટલે કે ૧૦મી બેચ ૩ ઓગસ્ટના રોજ ઉપડશે. આ પ્રવાસ માટે કુલ ૨૧ દિવસનો સમય લાગે છે. આ રૂટ પર આશરે રૂપિયા ૨,૫૦,૦૦૦નો ખર્ચ થાય છે. આ યાત્રા માટે થનાર ખર્ચની સંપૂર્ણ વિગત અને અન્ય તમામ વિગત ભારત સરકારની વેબસાઈટ https://kmy.gov.in પર સરળતાથી મેળવી શકાય છે. આ અંગે વધુ વિગતો કે માહિતીની જરૂર હોય તો ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની https://yatradham.gujarat.gov.in/ સાઈટ પર જોઈ શકાશે.

# કાળઝાળ ગરમીના પગલે પ્રા. શાળાઓ સવાર પાળીમાં

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પારો સતત વધી રહ્યો છે ત્યારે રાજ્યના મોટાભાગના જિલ્લાની પ્રાથમિક શાળાઓ સવાર પાળીમાં ચલાવવાનો આદેશ કરવામાં આવ્યો છે. ગરમીના ફેક્ટરના લીધે શાળાઓ વહેલી સવારે શરૂ કરવાનું નક્કી કરાયું છે અને તેનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે. સ્કૂલમાં વેકેશન બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે ત્યાર પછી પણ શાળાઓ સવાર પાળીમાં ચાલુ રાખવામાં આવી શકે છે. હાલમાં જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓ સવાર પાળી અને બપોર પાળી એમ બંને પાળીમાં ચાલે છે. જોકે, ગરમીના પગલે હવે શાળાઓ સવાર પાળીમાં જ ચાલશે.

પારો દિવસે દિવસેને ઊંચો જઈ રહ્યો છે અને સમગ્ર રાજ્યમાં હીટવેવ છે ત્યારે બપોર પાળીમાં ચાલતી સ્કૂલમાં વિદ્યાર્થીઓની હાજરી પાંખી જોવા મળી રહી છે. રાજ્યના ઘણા જિલ્લાની શાળાઓ બપોરે ૧૦-૫૦થી ૫-૧૫ વાગ્યા સુધી ચાલતી હોવાથી ઉનાળા દરમિયાન શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી પડતી હોવાથી સ્કૂલના સમયમાં ફેરફાર કરવામાં આવે તો વિદ્યાર્થીઓને રાહત મળે તેમ હોવાનું જણાતા સમયમાં ફેરફાર કરવાનું નક્કી કરાયું હતું. જેના પગલે રાજ્યના વિવિધ જિલ્લાઓની બપોર પાળીની શાળાઓ સવાર પાળીમાં ચલાવવાનો નિર્ણય લેવાયો છે. હાલમાં બપોર પાળીમાં જે શાળાઓ ચાલે છે તે હવે સવાર પાળીમાં ચાલશે અને સ્કૂલનો સમય સવારે ૭-૧૦થી ૧૨-૩૦ વાગ્યા સુધીનો રહેશે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૮ એપ્રિલથી પરીક્ષાઓ શરૂ થવાની છે અને ત્યાર બાદ પરિણામની તૈયારી કરાશે અને ૬ મેના રોજથી વેકેશન પડશે. ત્યાં સુધી તમામ શાળાઓ સવાર પાળીમાં જ કાર્યરત રહેશે. ૮ એપ્રિલથી શરૂ થનારી પરીક્ષા સુધી તો શાળાઓ સવાર પાળીમાં ચાલશે અને નવું શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ જો ગરમી વધુ રહેશે તો તે સમયે શાળાઓનો સમય સવારનો રાખવામાં આવી શકે છે. શાળાઓનો સમય બદલવા અંગે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં પરિપત્ર કરી દેવાયા છે અને તેનો અમલ પણ શરૂ કરી દેવાયો હોવાનું જાણવા મળે છે.

ઉનાળાના પગલે શાળાઓ સવાર પાળીમાં ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ હવે શાળાઓ સવારે ૭.૧૦થી ૧૨.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ૨૦૦૯ના આરટીઈ એક્ટની જોગવાઈ પ્રમાણે પુરતા કલાકો જળવાઈ રહે તે પ્રમાણેનું આયોજન કરાયું છે. બપોરની શાળાઓ ૧ એપ્રિલથી સવાર પાળીમાં ચાલુ કરાઈ છે, જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગરમીથી રાહત મળી રહે.

# પત્ની કમાતી હોય તો પણ પતિએ તેને ભરણપોષણની રકમ આપવી પડે : હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૪

કાયદાકીય વિખવાદ, છૂટાછેડા અને ભરણપોષણના કેસમાં કાનૂની જંગ લડતી નોકરિયાત મહિલાઓ માટે મહત્ત્વનો ચુકાદો આપતાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે,'પત્ની નોકરી કરતી હોય અને તેની સારી આવક હોય તો પણ પતિએ ભરણપોષણની રકમ તો ચૂકવવી જ પડે.' પત્ની સારી નોકરી કરીને કમાતી હોવાથી ભરણપોષણની હકદાર ન હોવાની રજૂઆત સાથેની પતિની પિટિશન હાઈકોર્ટના જસ્ટિસ એ.જે. શાસ્ત્રીએ ફગાવી કાઢી હતી. ચુકાદામાં ઠરાવ્યું હતું કે,'અરજદાર પતિની પત્ની અને પુત્રીને તેની જેમ જ સુખી જીવન જીવવાનો હક છે, ત્યારે પતિ પોતાની જવાબદારીઓમાંથી છટકી શકે નહીં. એટલું જ નહીં, કોર્ટના ધ્યાને આવ્યું છે કે પતિ નાણાંની ચૂકવણીની તેની જવાબદારી નિયમિત રીતે નથી નિભાવી રહ્યો. એવા સંજોગોમાં કોર્ટ તેના વિશેષાધિકારોનો ઉપયોગ અરજદારના પક્ષમાં કરી શકે નહીં.' આ સમગ્ર મામલે પતિએ હાઈકોર્ટ સમક્ષ અરજી કરી હતી. જેમાં ફેમિલી કોર્ટના પત્ની અને પુત્રીને દર મહિને રૂપિયા ચાર હજાર ભરણપોષણ પેટે ચૂકવવાના આદેશને પડકારવામાં આવ્યો હતો. પતિ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે,'સીઆરપીસીની ધારા ૧૨૫ હેઠળની કાર્યવાહીમાં કોર્ટે રૂપિયા છ હજાર દર મહિને ચૂકવવાનો આદેશ કરેલો છે, જેની સામેની રિવિઝન અરજી પડતર છે. દરમિયાન ફેમિલી કોર્ટ દ્વારા દર મહિને રૂપિયા ચાર હજાર વધારાના ચૂકવવાનો એક બીજો આદેશ કરવામાં આવ્યો છે. આ આદેશ ગેરવાજબી અને નિષ્ઠુર પ્રકારનો છે. જ્યારે કાયદાની એક પ્રક્રિયા હેઠળ રૂપિયા છ હજાર ચૂકવવાનો આદેશ કરાયો હોય ત્યારે હિંદુ મેરેજ એક્ટની ધારા ૨૪ મુજબ કરવામાં આવેલી અરજીમાં પુત્રી ભરણપોષણ મેળવવાની હકદાર રહેતી નથી. પત્ની પોતે યોગ્ય રીતે કમાય છે અને એની આવક પુરતી છે. તેથી તે પણ ભરણપોષણ મેળવવાને પાત્ર નથી. આ સંજોગોમાં ટ્રાયલ જજે કરેલો આદેશ ભૂલભરેલો હોઈ તેને રદ કરવો જોઈએ.'

આ તરફ પત્ની તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે,'ભરણપોષણની રકમની વાત તો બાજુમાં રહે છે, કેમ કે અરજદાર પતિ મુદ્દો નિકાલ કરવા જ રાજી નથી. તે રકમની ચૂકવણી કરતો નથી અને કાયદાની પ્રક્રિયાને વિલંબિત કરવાની તેની ટેવ પડી ગઈ છે. ભરણપોષણની મોટી રકમ તેના માથે ચઢી ગઈ છે અને તેથી ટ્રાયલ જજના આદેશમાં કોઈ ભૂલ જણાતી નથી. એટલું જ નહીં, સીઆરપીસીની ધારા ૧૨૫ હેઠળની કાર્યવાહીમાં રકમની ચૂકવણીનો આદેશ કરાયો હોય તો ફેમિલી કોર્ટ હિંદુ મેરેજ એક્ટની ધારા ૨૪ મુજબની અરજી એન્ટરટેઈન કરી શકે તે કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે.' હાઈકોર્ટે બંને પક્ષોની રજૂઆતોને ધ્યાનમાં લઈ ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી પતિની અરજી ફગાવી હતી અને આ કેસની મુખ્ય કાર્યવાહી ઝડપથી ચલાવવાની તાકીદ પણ કરી હતી.

# જન્મદિને વધામણી



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી
જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧



નરોત્તમભાઈ પી પરમાર




પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



રોહિતભાઈ બી જોષી



શક્તિસિંહ ઝાલા



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# ઐક્યની ઝંખના

॥ પાંચમો મણકો ॥

છેવટમાં, મુસલમાન રાજ્યો વિષે ચોક્કસ ખાત્રી આપ્વાઅનું બ્રિટિશ પ્રધાન મંડળને સૂચવવા હું આપને વિનવું છું આપ જાણો કે, તેને વિષે દરેક મુસલમાનને ચિંતા રહે છે. પોતે હિંદુ હોઈને હું તેમની લાગણી વિષે બેદરકાર નથી રહી શકતો. તેમનું દુઃખ તે અમારું હોય જ. આ મુસલમાન રાજ્યોના હકને જાળવવામાં, તેમનાં ધર્મ સ્થાનોને વિષેની તેમની લાગણીને માન આપવામાં, અને હિન્દુસ્તાનની હોમરૂલ વિષેની માગનીના સ્વીકારમાં સામ્રાજ્યની સહીસલામ્તી રહેલી છે. આ કાગળ મેં લખ્યો છે કેમ કે હું અંગ્રેજોને ચાહું છું, અને જે વફાદારી અંગ્રેજમાં હોય તે વફાદાર દરેક હિંદીમાં જગાવવા હું ઈચ્છું છું.

150 ગાંધીયાત્રા

રંગરૂટની ભરતી કરતાં મારું શરેર ઠીક ઘસાયું. એ વખતે મારો ખોરાક મુખ્યત્વે ભૂંજેલી અને ખાંડેલી ભોંયસીંગ અને ગોળને મેળવણી કેળાં ઈત્યાદિ ફળ અને બે ત્રણ લીંબુનું પાની એ હતો. સીંગ વધારે પ્રમાણમાં ખવાય તો નુકશાન કરે એમ હું જાણતો હતો. એમ છતાં એ વધારે ખવાઈ. તેથી સહેજ મરડો થયો. મારે વખતો વખત આશ્રમમાં આવવાનું તો થતું જ. આ મરડો મનેગણકારવા જેવો ન લાગ્યો. રાત્રીએ આશ્રમ પહોંચ્યો. દવાઓ એ વખતે હું ભાગ્યે જ અડતો. એક વકહ્ત ખાવાનું છોડી દઈશ એટલે મટશે એમ વિશ્વાસ હતો. બીજે દિવસે સવારે કંઈ નહોતું ખાધું, એટલે દરદ શાંત થયું હતું. પણ હું જાણતો હતો કે, મારે ઉપવાસ લંબાવવો જોઈએ, અથવા ખાવું જ જોઈએ તો ફળના રસ જેવી કંઈક વસ્તુ ખવાય.

આ દિવસ કોઈ તહેવારનો હતો. બપોરના પણ હું નહીં જમું એમ મેં કસ્તૂરબાઈને કહી દીધું હતું એવું સ્મરણ છે. પણતેણે મને લલચાવ્યો અને હું લાલચમાં પડ્યો. આ સમયે હું કોઈ પણ પશુનું દૂધ નહોતો લેતો, તેથી ઘીછાશનો પણ ત્યગ હતો. એટલે મારે સારુ તેલમાં ભરડેલા ઘઉંની લાપસી બનાવી હતી એ અને આખા મગ મારે સારુ ખાસ મૂકી રાખ્યા છે એમ મને કહ્યું. અને હું સ્વાદને વશ થઈ પીગળ્યો. પીગળતાં છતાં ઈચ્છા તો એવી હતી કે કસ્તૂરબાઈને રાજી રાખવા પૂરતું થોડુંક જ ખાઈશ, સ્વાદ પણ લઈશ અને શરીરની રક્ષા પણ કરીશ. પણ સેતાન પોતાનો લાગ જોઈને બેસી જ રહ્યો હતો. ખાવા બેઠો અને જરાક ખાવાને બદલે મેં પેટ ભરીને ખાધું. સ્વાદ તો પૂરો લીધો, પણ સાથે જ યમરાજાને આમંત્રણ મોકલી દીધું. ખાધાને કલાક પણ નહીં થયો હોય ને સખત મરડો ઉપડી આવ્યો.

રાત્રીના નડિયાદ તો પાછું જવાનું હતું જ. સાબરમતી સ્ટેશન સુધી ચાલ્તો ગયો, પણ એ સવા માઈલનો રસ્તો કાપવો પણ કઠણ લાગ્યો. અમદાવાદ સ્ટેશને વલ્લભભાઈ જોડાવાના હતા. એ જોડાયા ને મારો વ્યાધિ વર્તી ગયા હતા, છતાં એ વ્યાધિ અસહ્ય હતો એમ મેં તેમને કે બીજા સાથીઓને ન જણાવા દીધું.

નડિયાદ પહોંચ્યા. ત્યાંથી અનાથાશ્રમ પહોંચવાનું અર્ધા માઈલથી અંદર હતું. છતાં દસ માઈલ જેટલું લાગ્યું. ઘણી મુશ્કેલીથી ઘરભેળો થયો. પણ આંકડી વધતી જતી હતી. પાયખાનાની હાજ ત પા પા કલાકે થાય. છેવટે હું હાર્યો. મારી અસહ્ય વેદના જાહેરા કરી અને પથારી લીધી. આશ્રમને સામાન્ય પાયખાને જતોતેને બદલે મેડી ઉપર પેટી મંગાવી. શરમ તો બહુ આવી, પણ લાચાર હતો.ફૂલચંદ બાપુજી વીજળીને વેગે પેટી લઈ આવ્યા. ચિંતાતૂર થઈ સાથીઓમારી આસપાસ વીંટળાઈ ગયા. તેમણે મને પ્રેમથી નવડાવ્યો, પણ મારા દુઃખમાં એ બિચારા શું ભાગ લઈ શકે? મારી હઠનો પાર નહોતો. દાક્તરને બોલાવવાની મેં ના પાડી. દવાતો નહીં જ લઉં. કરેલા પાપની સજા ભોગવીશ. સાથીઓએ આ બધું વીલે મોંએ સહન કર્યું. ચોવીસ કલાકમાં ત્રીસ ચાળીસ હાજતો થઈ હશે. ખાવાનું તો મેં બંધ જ કર્યું હતું. અને પહેલા દિવસોમાં તોફળના રસો પણ ન લીધા. લેવાની મુદ્દલ રુચિ નહોતી. જે શરીરને હું આજ લગી પથ્થર જેવું માનતો તે શરીર ગારા જેવું થઈ ગયું હતું. શક્તિ હણાઈ ગઈ. દાક્તર કાનૂગા આવ્યા. તેમણે દવા લેવા વીનવ્યો. મેં ના પાડી. તેમણે પીચકારી આપવાનું સૂચવ્યું. એ પણ મેં ના પાડી. પિચકારીને વિષેને એ વખતનું મારું અજ્ઞાન હસ્યજનક હતું. હું એમજ માનતો કે, પિચકારી એટલે કોઈ પણ પ્રકારની રસી હશે. પાછળથી હું સમજ્યો કે આ તો નિર્દોષ વનસ્પતિની ઔષધિની પિચકારી હતી. (ક્રમશઃ)

**- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર**